# પાલનપુરમાં ભારે વરસાદ, વાવાઝોડાથી ભારે કફોડી દશા







(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ૪ દિવસના વિરામ બાદ પણ જૈસે થે : પાણી ભરાયા : સ્લમ વિસ્તારોમાં ભારે બેહાલી

## સેવાભાવી નાગરીકો ખડે પગે : માનસરોવર તળાવ છલકાતા પ્રજાજનો જોવા ઉમટ્યા

પાલનપુર, તા. ૨

રાજ્યના સરહદી એવા બનાસકાંઠા જિલ્લામાં મેઘરાજાએ ભારે પવન સાથે ધુઆધાર બેટીંગ કરી ભારે ધમાચકડી મચાવતા પાલનપુર, ડીસા, ધાનેરા, થરાદ, લાખણી, વાવ, સૂઈગામમાં ભારે વિનાશ સાથે માનવમૃત્યુ, પશુ મૃત્યુ થયા હતા. જ્યારે સંખ્યાબંધ વૃક્ષો, વિજ થાંભલા, નદી પરના નાના પુલ, ચેકડેમો, નેશનલ હાઈવે, મુખ્ય રોડ તહસનહસ કરી ટેલીફોન-મોબાઈલ, ઈન્ટરનેટ સેવાના ભુક્કા બોલાવી દીધા હતા.

જિલ્લા મથક પાલનપુરમાં પણ સળંગ બે દિવસમાં જ ૧૪ ઈંચ વરસાદ, પવન સાથે જારી રહી હેલી કરતાં શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણીના મીની તળાવો સર્જાયા હતા. તો વળી જાહેર વિસ્તારો





(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

પર અને કોટ વિસ્તારના જૂના મકાનો પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈ જમીનદોસ્ત થઈ જવા પામ્યા છે. શહેરના બ્રિજેશવર કોલોની, કમાલપુરા, નાની બજાર, કોલેજ કમ્પાઉન્ડ, ઢુંઢીયાવાડી સહિત એસ.ટી. કોલોની પાછળ, જામપુરા, મફતપુરા, હમીરબાગ, જનતાનગર, રામલીલા મેદાન, ગોબરી રોડ, એસટી સ્ટેશન, કિર્તીસ્તંભ, શાકમાર્કેટ, સિવિલ સહિત હાઈવે વિસ્તારની નવજીવન, આનંદનગર, એસ.બી.આઈ. સોસા., સૂરજ પાર્ક, તીરૂપતિ, બાલાજી, ચંદ્રલોક સહિત અનેક સોસાયટીઓમાં વરસાદના ૪ દિવસના વિરામ બાદ પણ વરસાદી, ગટરના પાણી ભરાયેલા હોવાથી લોકોની હાલત કફોડી બની છે.

## કેન્દ્રીય મંત્રી અને બનાસકાંઠાના સાંસદ જિલ્લાના અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી

પાલનપુર, તા. ૧

લોકસભાનું ચોમાસુ સત્ર ગઈકાલે સોમવાર સુધી સ્થગિત થતાં કેન્દ્રિય ગૃહ રાજ્યમંત્રી શ્રી હરીભાઈ ચૌધરી આજે પાલનપુર આવી પહોંચ્યા હતા. બનાસકાંઠાના અધિકારીઓ સાથે મોડી સાંજે જિલ્લાના અધિકારીઓ સાથે સર્કીટહાઉસ પાલનપુર ખાતે મિટિંગ યોજી અતિવૃષ્ટિથી થયેલ નુકશાન તેમજ ત્યારબાદ ચાલી રહેલા વિવિધ રાહતકાર્યો અંગેની માહિતી મેળવી હતી. જિલ્લાના અતિવૃષ્ટિથી ગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈ સંકટગ્રસ્ત લોકોને રાહત પહોંચાડવાની કામગીરી અંગે તંત્રને નિર્દેશો આપ્યા હતા.

## મુજપુર ત્રિકમ સાહેબની ગાદીએ ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

## હજ્જારોમાં ભાવિક ભક્તો ઉમટ્યા

ઊંઝા, તા. ૨

ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂજીઓની ગાદીએ શિષ્યો શ્રદ્ધાથી શીશ નમાવી આશીર્વાદ મેળવતા હોય છે. પાટણ જિલ્લાના સમી તાલુકાના મુજપુર ગામે રવિભાણ સંપ્રદાયના સંત ત્રિકમ સાહેબની ગુરૂગાદીની પવિત્ર જગ્યામાં ગુરૂ પૂર્ણિમાનો મહાપર્વ યોજાયો હતો. સંતશ્રી ત્રિકમ સાહેબની જગ્યામાં સતગુરૂ શંકરહંસ સાહેબની સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમાની રાત્રિએ ભજન સતસંગના નાનકદાસજી બાપુ તથા કિશનદાસજી બાપુએ ગુરૂનો મહિમા સજાવી ભક્તો અને શિષ્યગણને ભક્તિભાવથી તરબોળ કરી દીધા હતા.

આ પ્રસંગે ઉનાવાથી ઉપસ્થિત ભાવિક ભક્તોએ મહંતશ્રી શંકરહંસ સાહેબ, ડૉ. રતનદાસજી વિગેરે સદ્ગુરૂઓને કુમકુમ તીલક કરી ગુરૂના આશીર્વચન લીધા હતા. તેમજ હજ્જારોની સંખ્યામાં શિષ્યો, અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે, મુજપુર ત્રિકમ સાહેબની જગ્યામાં ભક્તિની સાથે સાથે સદ્ભાવના અને પરોપકારના કાર્યો પણ થતા જોવા મળે છે. જેમાં વ્યસનમુક્તિ ઝુંબેશ તેમજ દવાખાનુ પણ ચલાવવામાં આવે છે. ગરીબ દર્દીઓને વિનામૂલ્યે દવાઓ પણ આપવામાં આવે છે.

## પાલનપુર શહેરના સ્લમ વિસ્તારોમાં માનવતા મહેંકી ઉઠી

પાલનપુર શહેરના સ્લમ વિસ્તારો મફતપુરા, હમીરબાગ, રબારીવાસ, હરીજન કોલોની, જનતાનગર સહિત નગરપાલિકાના વોર્ડ નં. ૩ અને વોર્ડ નં. ૪માં વસતા હજારો ગરીબ પરિવારો હિન્દુ-મુસ્લિમ સહુ કોઈ રોજ કમાઈને રોજ પેટનો ખાડો પુરનારાના પરિવારો માથે ભારે વરસાદ-વાવાઝોડાથી સાચે જ આભ તુટી પડ્યા જેવી હાલત થઈ હતી. ત્યારે પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં. ૪ના સભ્ય અનિલ જે. ચક્રવતી, અમૃત દેસાઈની સેવાભાવી ટીમે આવા લોકોને ચા-નાસ્તો, પુરી-શાક, બિસ્કીટ, પાણીના પાઉચો સતત ત્રણ દિવસ સુધી પહોંચાડી માનવતા નિભાવી હતી.

## મોડાસા શહેર કોંગ્રેસને મજબૂત બનાવવા પક્ષમાં કવાયત શરૂ

### મોડાસા શહેરના પ્રમુખપદે ઈકબાલ ઈપ્રોલીયાની નિમણુંક

ગુજરાત રાજ્યમાં આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા કોંગ્રેસ પક્ષ પોતાનું સંગઠ્ઠન મજબુત કરવા કવાયત હાથ ધરી છે. ભાજપાનું જોરદાર આયોજન અને નેટવર્કને ટક્કર આપી શકે તેવા સમાજના પ્રતિભાશાળી અને સર્વે સમાજને સાથે રાખીને ચૂંટણીઓનું આયોજન કરી શકે અને પક્ષને વફાદાર રહી પક્ષને જીતાડવામાં સક્રિય બની પક્ષને જીતાડે તેવા વ્યક્તિઓને સંગઠનના સૂત્રો સોંપવાની તૈયારીઓ કોંગ્રેસ પક્ષ દ્વારા થઈ રહી છે. આ કવાયતના ભાગરૂપે અને આગામી થોડાક મહિનાઓમાં આવી રહેલી મોડાસા નગરપાલિકાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી ગુજરાત પ્રદેશ પ્રમુખ દ્વારા મોડાસા શહેરની સર્વોદય સહકારી બેંકના ચેરમેન અને સામાજીક આગેવાન ઈકબાલભાઈ ઈપ્રોલીયાની મોડાસા શહેરના પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી હતી.



(તસવીર : જય અમીન)

મોડાસા શહેરના સર્કિટહાઉસમાં મોડાસા નગરપાલિકાની આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષનું શહેર સંગઠ્ઠન મજબૂત કરવા કોંગ્રેસ પક્ષના પ્રભારી નૈમેશભાઈ શાહ અને મહેન્દ્રભાઈ પઢીયારની ઉપસ્થિતિમાં મોડાસા શહેરના કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયાને સૂતરની આંટી પહેરાવી વિધિવત વરણી કરાઈ હતી. અરવલ્લી જિલ્લા માઈનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે કાદરઅલી સૈયદ અને મોડાસા તાલુકા સમિતિના પ્રમુખ તરીકે ડાહ્યાભાઈ પટેલ (શીણાવાડ)ની કોંગ્રેસના કાર્યકરોની મેદની વચ્ચે નિમણુંક કરાઈ હતી.

## મોડાસામાં ગરીબ કલ્યાણ મેળા અંગે બેઠક યોજાઈ

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષની જેમ વર્ષ-૨૦૧૫માં અરવલ્લી જિલ્લા ખાતે યોજાનાર વિભાગીય ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમ માટે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આગામી ૯મી ઓગષ્ટે ભિલોડા ખાતે યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના આયોજન બાબતે બેઠકમાં પ્રાંત અધિકારી એ.જે. આચાર્યે વિગતો આપી હતી. સંબંધિત અધિકારીઓ તથા તેમના તાબાના અન્ય કર્મચારીઓને ટીમવર્કથી કામગીરી બાબતે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા.

## દેશની પ્રથમ હરતી ફરતી મોબાઈલ લાયબ્રેરી પુંસરી ગામની આગવી ઓળખ



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

સાબરકાંઠા તાલુકાના પુંસરી ગામે પંચાયત દ્વારા બી.આર.જી. યોજના અંતર્ગત રૂ. ૪.૫૦ લાખના ખર્ચે સ્વામી વિવેકાનંદ મોબાઈલ લાયબ્રેરી તૈયાર કરાઈ છે. જે દેશની પ્રથમ હરતી ફરતી મોબાઈલ લાયબ્રેરી છે. જે પુંસરી ગામમાં સપ્તાહ દરમિયાન નક્કી કરેલા નિયમત સ્થળે ઉભી રહેશે. જેમાં ૫૦૦થી વધારે પુસ્તકો રાખવામાં આવ્યા છે.



### મેઘરજના રેલ્લાવાડા ગ્રામ પંચાયતનું મકાન ધરાશાયી

મેઘરજ તાલુકાના ૧૯૬૫માં નિર્માણ કરેલ ગ્રામપંચાયતનું મકાન ધરાશાયી થતાં ગ્રામ પંચાયતને લગતુ કામકાજ ઠપ્પ થઈ ગયું છે. મેઘરજ તાલુકામાં સતત પાંચ દિવસ સુધી ભારે પવન સાથે પડેલા ધોધમાર વરસાદથી ગ્રામ પંચાયતના કમ્પાઉડમાં આવેલા બાવળ અને પીપળાના ઝાડ એકાએક ભારે પવનથી ઉખડી ગ્રામ પંચાયતના મકાન પર પડતાં ગ્રામ પંચાયતની ૩ રૂમો ધરાશાયી થઈ હતી. (તસવીર : મુકેશ ડામોર, ઈશરી)

## અરવલ્લી જિલ્લાના ૭ પીએસઆઈની આંતરિક બદલી

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લામાં આજરોજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ૭ જિલ્લા પીએસઆઈની આંતરિક બદલીઓ કરવામાં આવી હતી.

| પીએસઆઈનું નામ | હાલનું પોલીસ સ્ટેશન | બદલીનું પોલીસ સ્ટેશન |
|---|---|---|
| વાય.જે. રાઠોડ | મોડાસા ટાઉન પો. સ્ટેશન | બાયડ પો. સ્ટેશન |
| એ.એમ. દેસાઈ | બાયડ પો. સ્ટેશન | મોડાસા ટાઉન પો. સ્ટેશન |
| જે. આર. ઝાલા | મોડાસા રૂરલ પો. સ્ટેશન | એલ.આઈ.બી. શાખા |
| પી.એસ. પરમાર | એલઆઈબી શાખા | ધનસુરા પો. સ્ટેશન |
| જી.જે. રાઓલ | ધનસુરા પો. સ્ટેશન | મોડાસા ટાઉન પો. સ્ટેશન |
| આર.ડી. સગર | મેઘરજ પો. સ્ટેશન | મોડાસા રૂરલ પો. સ્ટેશન |
| એસ.બી. મોડીયા | મોડાસા ટાઉન પો. સ્ટેશન | મેઘરજ પો. સ્ટેશન |

## સીતવાડા બોરિયા ગામે ક્ષત્રિય સમાજનો પ્રાચિન વરબોટડી તહેવાર ઉજવાશે

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા, નવાપુરા, બોરીયા ગામમાં ગૌરીવ્રતની ઉજવણીના ભાગરૂપે પાંચમાં દિવસે ગોરો (જાવારા) ઘરની બહાર કાઢી પવિત્ર નદીમાં પધરાવાય છે. દરમ્યાન ગામના મહોલ્લામાં જે દિકરી (બાળાએ) ગોરો વાવી હોય તેવો બધા ભેગા મળી એક બાળાને પુરૂષનો પહેરવેશ પહેરાવી વરરાજા બનાવી ઘોડા પર બેન્ડવાજા સાથે ગામમાં વરઘોડો કાઢવામાં આવે છે જેવી રીતે દિકરી દીકરાના વિવાહ થાય છે તેજ રીતે આવી બાળાને સુસજ્જ વરરાજા બનાવે છે અને ધૂમ ખર્ચો કરે છે. જ્યા ઉપવાસી બાળાઓને તેમજ કૌટુંબિજનોને મહાપ્રસાદ લે છે જ્યારે ક્ષત્રિય સમાજની પરંપરાગતને જાળવી રાખતુ આ એક અનોખું અને આનંદમય પર્વ છે.

### અરવલ્લી જીલ્લાના પાટીદારોનો હુંકાર

## અનામત મેળવવા માટે ગુર્જરવાળી કરવી પડે તો પણ અચકાશે નહી

### અરવલ્લી જીલ્લામાં અનામતની આગનો ભડકો : ૧૦ ઓગષ્ટના રોજ બાયડ અને ૧૯ ઓગષ્ટના રોજ મોડાસા ખાતે વિશાળ રેલી યોજાશે

મોડાસા, તા.૨

સમગ્ર ગુજરાત રાજયમાં પાટીદાર અનામત આંદોલનની નાનકડી ચીંગારીએ ધીમે ધીમે મોટી આગનું સ્વરુપ ધારણ કરવા માંળ્યુ છે. આ આગને વધારે વેગ મળે તે માટે હવે અરવલ્લી જીલ્લાના પાટીદારો એ પણ ઘી હોમવાનુ શરુ કર્યુ છે. આગામી ૧૯ ના રોજ અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે એકલાખ થી પણ વધુ પાટીદારો એકઠા થઈ અરવલ્લી જીલ્લા કલેકટર ને આવેદન પત્ર આપવાનો કાર્યક્રમ નકકી કરાયો છે. ત્યારે આવનારા સમયમાં જીલ્લાના વહીવટી તંત્રમાટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ભારે મથામણ કરવી પળશે તે સ્પષ્ટ પણે દેખાઈ રહયુ છે.

રાજયમાં કડવા,લેઉવા,અને કચ્છી પાટીદારો પોતાને અનામત આપવાની માંગ સાથે છેલ્લાય કેટલાય સમયથી કાર્યક્રમો યોજી અનામત આંદોલનને વેગ આપી રહયા છે. આ અનામત આંદોલનના પ્રણેતા હાર્દિક પટેલના સીધા માર્ગદર્શન હેઠળ અરવલ્લીજીલ્લાના પાટીદારોએ પણ અનામતની આગને સળગતી રાવામાટે કમર કસી લીધી છે. જીલ્લાના મુખ્ય મથક એવા મોડાસા ખાતે આવેલ ઉમિયાચોકમાં આજ રોજ અરવલ્લી જીલ્લામાંથી પાટીદાર યુવાનો અને આગેવાનો ઉમટી પડા હતા. અને આગામી ૧૦ ઓગષ્ટ ના રોજ બાયડ અને ૧૯ ઓગષ્ટના રોજ મોડાસા ખાતે વિશાળ રેલી યોજી અનામત આંદોલન કરવાની તૈયારી આરંભી દીધી છે. આ આંદોલનનો વેગ વંતુ બનાવવામાટે ગામે ગામમાંથી પાટીદારો મોટી સંખ્યામાં હાજર રહે તે માટે આયોજકો ધ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

અરવલ્લી જીલ્લા ના પાટીદારોએ અનામતની માંગ સાથે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની કમર કસી લીધી છે. ત્યારે ૧૯ ઓગષ્ટના રોજ યોજાનાર રેલી માં એકલાખ થી વધુ બાળકો , પુરુષો , અને મિહલાઓ જોડાઈને જીલ્લા કલેકટરને આવેદન પત્ર આપનાર છે. ત્યારે આ અંગેની જોકોઈ સંજોગોમાં વહીવટી તંત્ર ધ્વારા મંજુરી ના આપવામાં આવે તો તેમ છતાં નિર્ધારીત સમયે જ આવેદન પત્ર આપ્યાબાદ અનામત મેળવવા માટે આંદોલનતો ચાલુ જ રહેશે. જયાં સુધી પાટીદાર સમાજને અનામતનો લાભ આપવામાં આવશે નહી. ત્યાં સુધી અહિંસક આંદોલન ચાલુ જ રહેશે. ઉપસ્થિત આગેવાનો એ ગુર્જર આંદોલનનુ ઉદાહરણ આપી ગુર્જરવાળી કરતાં પણ અચકાશે નહી.તેઓ હુંકાર કર્યો હતો.